મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૭૩ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરમાં ગાંધી વંદના "પીડ પરાઈ જાણે રે.." કાર્યક્રમ યોજાયો

**'વૈષ્ણવ જન તો..' તેના મૂળ રાગમાં ઓસમાણ મીરે ગાતા શ્રોતાઓ ભાવતરબોળ થયા : ગાંધીનગર ખાતે યોજાયેલ કલા ગુર્જરીના કાર્યક્રમ 'જે પીડ પરાઈ જાણે રે...'માં પ્રદ્મભૂષણ ભીખુદાન ગઢવીના સ્વરનો પણ લ્હાવો પ્રાપ્ત થયો : પૂ. બાપુએ કહ્યું હતું કે સૌ કોઈ પોતે જ પોતાનું શાસન કરે તેનું નામ સ્વરાજ : મહેન્દ્ર ત્રિવેદી**

ગાંધીનગર, તા. ૨

આજે રાષ્ટ્રપિતા પૂ.મહાત્મા ગાંધીની ૧૫૧મી જન્મ જયંતીના અવસરે ગાંધીનગરમાં પૂ. બાપુના પ્રાતઃ પ્રાર્થનાના સમયે જ યોજાયેલા ગાંધી વંદનાના કાર્યક્રમ "પીડ પરાઈ જાણે રે.."માં ગુજરાતનાં સુપ્રસિદ્ધ ગાયક ઓસમાણ મીરના બુલંદ પણ મધુર અવાજમાં, એમની વિશિષ્ટ શૈલીમાં આલાપ સાથે બાપુનું પ્રિય ભજન 'વૈષ્ણવ જન તો..' સૌ પ્રથમવાર જે ઢાળમાં પ્રસ્તુત થયું હતું તે જ માઢમાં રજૂ થતાં ઓફલાઈન અને ઓનલાઈન કાર્યક્રમ માણી રહેલા શ્રોતાઓ ભાવતરબોળ થઈ જવા પામ્યા હતા. ગાંધીજી સાથે જેમનું નામ જોડાયેલું છે એવા ગાંધીનગરમાં છેલ્લા તેર વર્ષથી ગાંધી જયંતિના દિવસે જ શહેરની સંસ્થા "કલાગુર્જરી" દ્વારા યોજાતો આ કાર્યક્રમ આ વર્ષે કોરોના મહામારીના કારણે સૌપ્રથમવાર "ઓનલાઈન" યોજાયો હતો જેમાં સેક્ટર-૨૩માં કડી કેમ્પસની ફાર્મસી કોલેજ ખાતેથી તેનું સીધું લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. આજે ઓસમાણ મીર સાથે શ્રોતાઓને લાંબા સમય પછી પ્રદ્મશ્રી ભીખુદાન ગઢવીના સ્વરનો પણ લ્હાવો પ્રાપ્ત થયો હતો. કાર્યક્રમનું માહિતીપ્રદ રસદર્શન ડો.માર્ગી હાથી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને ખૂબ મોટી સંખ્યામાં શ્રોતાઓને ઓનલાઈન માણ્યો હતો.





કલાગુર્જરીના "પીડ પરાઈ જાણે રે.." કાર્યક્રમના પ્રારંભે ભૂતપૂર્વ ગૃહમંત્રી, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના પૂર્વ અધ્યક્ષ અને કલાગુર્જરીના પેટ્રન મહેન્દ્રભાઈ ત્રિવેદીએ ગુણીજનોને આવકારતા કહ્યું કે "આજની પરિસ્થિતિએ એ દર્શાવી દીધું છે કે ગાંધી વિચાર જ એક માત્ર શાશ્વત છે જેમાં બાપુએ કહ્યું હતું કે દરેક વ્યક્તિને પોષવાની ક્ષમતા પ્રકૃતિ પાસે છે માટે પ્રકૃતિને પોતાની જાત કરતાં પણ વધુ મહત્વ આપવું જોઈએ અને જ્યાં સૌ કોઈ પોતે જ પોતાનું શાસન કરે તેનું નામ જ સ્વરાજ".

આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય બાબુભાઈ મેઘજીભાઈ શાહ, સનદી અધિકારી તથા જાણીતા લોકસાહિત્યકાર વસંતભાઈ ગઢવી, સેઠ સી એમ હાઈસ્કૂલના આચાર્યા ડો. ચેતનાબેન બુચ સહિતના મહેમાનો અને કલાગુર્જરી સંસ્થાના પ્રમુખ નારણભાઈ પટેલ, હોદ્દેદારો જયરાજસિંહજી સરવૈયા, આશાબેન સરવૈયા, નીરેનભાઈ બ્રહ્મભટ્ટ, મહેન્દ્રભાઈ ભાવસાર, અશોકભાઈ ત્રિવેદી, સલીલભાઈ મહેતા,ભાવિનભાઈ પટેલ, મનોજભાઈ જોશી સહિત અન્ય કારોબારી સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના સ્ટેજ પર પૂ.બાપુ સાથે સંકળાયેલ બે ઘટનાના પોસ્ટર લગાડવામાં આવ્યા હતા જેમાં ૧૯૨૦માં પૂ.બાપુએ ગુજરાત વિદ્યાપીઠનો શુભારંભ કર્યો હતો તે અને એજ વર્ષે રવીન્દ્રનાથ ટાગોર ગુજરાતી સાહિત્ય સભામાં વક્તવ્ય આપવા આવ્યા હતા ત્યારે તેમણે અમદાવાદનાં વનિતાશ્રમની મુલાકાત લીધી હતી ત્યારની હતી. આ પ્રસંગે મહેન્દ્રભાઈએ શાંતિ નિકેતનનું પણ આ ૧૦૧મું વર્ષ છે અને જે સ્થળે આ કાર્યક્રમ યોજયો છે, તે કડી કેમ્પસ પણ ગાંધીજીની પ્રેરણાથી જ છગનભા એ શરૂ કર્યું હતું, જેને પણ ૧૦૧ વર્ષ થયાં તે ઐતિહાસિક ઘટનાની પણ જાણકારી આપી હતી.

ઓસમાણ મીરે કાર્યક્રમનો પ્રારંભ શક્તિની સ્તુતિથી કર્યો હતો અને ત્યારબાદ તેમણે માડી તારું કંકુ ખર્યુ, ધૂણી રે ધખાવી, મારે પૂર્વ જનમની પ્રિતું, ઓધવજી મારા વ્હાલાને વઢીને કહેજો, હંસલા હવે હાલો રે, કૈલાસ કે નિવાસી, જહાં ડાલ ડાલ પર સોને કી ચિડિયા, વંદે માતરમ, હમારે પ્રભુ અવગુણ ચિત્ત ના ધરો સહિત ભજનો-ગીતો રજૂ કર્યા હતા જ્યારે ભીખુદાન ગઢવીએ હરીની હાટડીએ મારે કાયમનું હટાણું જેના લોકગીતો પ્રસ્તુત કર્યા હતા. કાર્યક્રમમાં ઉદ્દઘોષિકા તરીકે ડૉ. માર્ગી હાથીએ અનેક ચોટદાર વાતો રજૂ કરતાં કહ્યું હતું કે "ગાંધીજીના નશ્વર દેહને ગોળીથી વીંધી શકાય છે, પણ એમના વિચારોને નહિ. એ તો શાશ્વત છે અને આજેપણ એટલા જ પ્રસ્તુત છે. ગાંધીજીને ગોડસેની નહીં પરંતુ ગેરસમજની ગોળી એ વિંધ્યા હતા." કાર્યક્રમનું સમાપન 'વૈષ્ણવ જનહ્ર પછી રામધુન સાથે કરવામાં આવ્યું હતું.

## સે. ૨૧ તરફના જવાના રસ્તા પર દબાણને કારણે રહેવાશીઓને ભારે હાલાકી

ગાંધીનગર, તા. ૨

નગરના સેક્ટર ૨૧ તરફ જવાના રસ્તાની બંને બાજુ પર વાણિજય હેતુના દબાણોને કારણે સામાન્ય નાગરિકો તથા રહેવાસીઓને પરેશાની ભોગવવી પડી રહી છે. આ દબાણને હટાવવા માટે ત્યાંના રહીશોની માંગ છે.

નગરમાં અમુક સેક્ટરો કે માર્કેટની બહાર ખુલ્લી જગ્યા ઉપર નાના-મોટા વેપાર માટે નાના વેપારીઓ બેસી જતા હોય છે. જેની કોઈ મંજૂરી પણ લીધી હોતી નથી. આ બાબતે વોર્ડ નંબર ૩ ના મ્યુનિસિપલ કાઉન્સિલર પ્રણવભાઈ પટેલ જણાવે છે સેક્ટર ૨૧ તરફ આવવાના રસ્તા પાસે દબાણનું પ્રમાણ દિવસે દિવસે વધી રહ્યું છે જેમાં ખાસ લારી-ગલ્લા પાથરણાવાળા તથા વિવિધ ચીજવસ્તુઓનું વેચાણ કરવાવાળાનો સમાવેશ થાય છે. સરકારી જમીન ઉપર ગેરકાયદેસર ચીજવસ્તુઓનું વેચાણ કરનારાઓને કારણે અવાર-નવાર ટ્રાફીકજામ અને અકસ્માત સર્જાવાની સહિતની સમસ્યાઓ સર્જાતી રહે છે અને તેની ફરિયાદો પણ ઘણીવાર નોંધાઈ છે દબાણ અંગેની કાર્યવાહી જલ્દીથી થાય તેવી સેક્ટરવાસીઓની માંગ છે.






લાયન્સ લાયોનેસ અને યોગ અલગ ગાંધીનગર દ્વારા ૧૦૮ ઈમરજન્સી સર્વિસના કર્મચારીઓ તેમજ મુક્તિધામમાં સેવા આપી રહેલા કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સેક્ટર ૨૦ સ્થિત પ્રાથમિક શાળા નંબર એક ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૧૦૮ ઈમરજન્સી સર્વિસના ૧૪ કર્મચારીઓ તેમજ મુક્તિધામના કર્મચારીઓના સર્ટિફિકેટ આપીને સન્માન કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડેપ્યુટી મેયર નાજાભાઈ ધાંધલ, ઉમંગ પંડયા, મિત્તલ રાણા, વિનય જયસિંઘાની તેમજ સર્વે પૂર્વ પ્રમુખ સાથે તમામ સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે મિતલબેન રાણા દ્વારા ઉપસ્થિત સર્વેનો આભાર માનવામાં આવ્યો હતો.

## ગાંધીનગર વસાહત મહાસંઘ દ્વારા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ



ગાંધીનગર : ૦૨

આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મ જયંતિ નિમિત્તે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા નવા સચિવાલય સંકુલ ખાતે વિધાનસભા સામેની પૂ.બાપુની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા યોજાયેલ આ કાર્યક્રમમાં સંસ્થાના હોદ્દેદારો પ્રમુખ કેશરીસિંહ બિહોલાની આગેવાની હેઠળ પ્રદિપસિંહ બિહોલા, કે પી સોલંકી, રાજેન્દ્રભાઈ પારેખ, જયેશભાઈ આગજા, સી કે સોની, વિઠલભાઈ પરમાર, કાનજીભાઈ દેસાઈ, ઘનશામસિહ ગોલ, વિનોદભાઈ ભટ્ટ, વાસુભાઈ સુથાર, મેહુલભાઈ પટેલ વગેરે સહિત સંસ્થાના સભ્યો મોટી સંખ્યામાં જોડાયા હતા પણ ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ફ્લાઈટ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ સભ્યો દ્વારા કોવિડ-૧૯ની ગાઈડલાઈન પ્રમાણે ચહેરા પર માસ્ક ધારણ કરવામાં હતા.

## ગાંધી જયંતિએ ખાદી ભંડાર ખાતે ખાદી ખરીદી કરતા શિક્ષણમંત્રી ચૂડાસમા

ગાંધીનગર, તા. ૨

મહાત્મા ગાંધીની ૧૫૧મી જન્મ જયંતિ નિમિત્તે રાજયના



શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ ગાંધીનગર ખાતે સેકટર-૧૬ના ખાદી ભવન ખાતેથી ખાદી ખરીદી કરતાં જણાવ્યું હતું કે ગાંધીજીએ એક વિચાર છે. તેમણે જીવનમાં સ્વચ્છતાના મૂલ્ય કેટલું છે. તે ગાંધીજીના જીવનમાંથી શીખવા પર ભાર મૂક્યો હતો. ગાંધીજીને કે નરેન્દ્રભાઈને ખબર ન હતી કે ૨૦૨૦માં કોરોના આવવાનો છે, પણ તેમની દિર્ધદ્દષ્ટિ આજે આ કોરોના કાળમાં આપી પડી છે. અને આપણને સ્વચ્છતાનું મહત્વ સમજાવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીએ પણ ૨૦૧૪માં લાલ કિલ્લા પરથી સ્વચ્છતા અને શૌચાલયની વાત કરી ત્યારે લોકોને તેનું મહત્વ સમજાતું ન હતું. ગાંધીજી કહેતા હતા કે, સ્વચ્છતા અને સ્વતંત્રતા બે માંથી જો કોઈ પસંદગી કરવાનું કહેવાયાં આવે તો હું સ્વચ્છતા જ પસંદ કરૂ.

ખાદી પણ એજ રીતે ગ્રામોદ્યોગ અને રોજગારનું મહત્વ ધરાવે છે. સ્વદેશીની ભાવના બળવાન કરે છે.

આજના દિવસે ભાજપના સભ્યોએ ખાદી ખરીદી કરવાનું કહ્યું છે. તેની પાછળ આપણા વણકર બંદુઓને રોજગારી મળી રહે તેમના ઉત્પાદનથી માંગ વધે તે આશય આ ખરીદીનો રહ્યો છે. જેથી તેમણે સૌ લોકોને ખાદી ખરીદી કરી વણકારોને રોજગારીની તક આપવા અનુરોધ કર્યો હતો.

ચૂડાસમાએ વધુમાં જણાવ્યું હતું કે આજે મહાપુરૂષ લાલ બાહદુર શાસ્ત્રીનો પણ જન્મ દિવસ છે તેમણે જય જવાન, જય કિસાનનું સૂત્ર આપી દેશના યુવાનો અને ખેડૂતોને મહત્વ આપ્યું હતું તેવા આપણા પૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીને પણ આજે શ્રધ્ધાજંલિ પાઠવું છું.


આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી રીટાબેન પટેલ, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ અને મહાનગરપાલિકાના કોર્પોરેટરો અને ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## સાંસદના પ્રતિનિધિએ વાવોલ વિસ્તારની મુલાકાત લીધી

ગાંધીનગર તા. ૦૨

ગાંધીનગર લોકસભા વિસ્તારના સાસંદ અમીતભાઈ શાહના અંગત મદદનીશ પલકભાઈ અને એમની ટીમે તા. ૩૦મી સપ્ટેમ્બરે વાવોલ વિસ્તારની મુલાકાત લઈ ગામ તથા સોસાયટી વિસ્તારમાં વિકાસના કામોના સૂચનોની જાણકારી મેળવી હતી. આ પ્રસંગે ગામના અગ્રણીઓ તથા સોસાયટી વિસ્તાર પ્રમુખોએ સિનીયર સિટીઝન માટે એક સારો ગાર્ડન, હોસ્પિટલ, પોસ્ટ ઓફિસ, કૉમ્યુનિટી હૉલ, નર્મદાનુ પાણી, એક ઓવરબ્રિજ સહિત નાની મોટી અનેક રજૂઆતો કરી હતી. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તર બેઠકના પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ભાજપ તાલુકા પ્રમુખ જશુભાઈ પટેલ, રવિભાઈ પટેલ તથા વાવોલ ભાજપના આગેવાન શૈલેષભાઈ પટેલ સહિત દિલીપસિંહ ગોલ, લાલભાઈ પટેલ, રામજીભાઈ, અરવિંદભાઈ, રમેશભાઈ રાવળ વગેરેએ ઉપસ્થિત રહ્યાં હતા.

## યોગા ફોર વુમન વિષયક સેમિનાર યોજાયો



ગાંધીનગર, તા. ૨

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કોમર્સ કોલેજ ખાતે ક્ષ્ુદ્ધંષ્ઠ અંતર્ગત હેલ્થ હાઈજિન અને હેપીનેસ વિષયને લઈને યોગા ફોર વુમન ગૂગલ મીટના માધ્યમ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

ક્ષ્ુદ્ધંષ્ઠના કોડિનેટર ડોક્ટર દિશા પોપટ દ્વારા જણાવાયું હતું કે મોટાભાગની મહિલાઓ ઘરની જવાબદારીઓ કે ભણવા માં પોતાના સ્વાસ્થ્ય તરફ ધ્યાન જ નથી આવતી ત્યારે મોટાભાગના શારીરિક પ્રશ્નો ઊભા થાય છે માત્ર બહારથી સારા લાગવો સુંદર દેખાવો તે નિરોગી અને સ્વસ્થ રહેવું તે હવે જૂનો દ્રષ્ટિકોણ મને રહ્યો છે ત્યારે વિદ્યાર્થીઓ તેમના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત થાય તેમજ તેમના પ્રશ્નોના નિરાકરણ કરી શકીએ તે માટે કોલેજ દ્વારા યોગા ફોર વુમન વિષયક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન ર્ષ્ઠદ્ધં ર્ષ્ઠજ થાઈરોઈડ મૂડ સ્વિંગસ વગેરે જેવા પ્રશ્નોના નિરાકરણ બાબતે વાત યોગ થેરપિસ્ટ શૈલી કારિયા દ્વારા કરવામાં આવી. આ ઉપરાંત તેમના દ્વારા વિદ્યાર્થીઓ સાથે વજાસન શશાંકાસન ભુજંગાસન અનુલોમ-વિલોમ જેવા આસનો શીખવાડવા સાથેના લાભ વિશે ચર્ચા કરવામાં આવી હતી સમગ્ર કાર્યક્રમમાં લગભગ ૮૨ જેટલી વિદ્યાર્થીનીઓ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો.

કોલેજના પ્રિન્સિપાલ પ્રકૃતિ જોશી તેમજ સમગ્ર અધ્યાપક ગણ દ્વારા વિદ્યાર્થીઓના વિકાસ માટે પ્રયત્નશીલ રહ્યા હોવાની બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

## શહેરમાં યોજાતા નાના મોટા પ્રસંગોથી પણ કોરોના ફેલાવવાની સંભાવના

ગાંધીનગર, તા. ૨

કોરોનાની મહામારીને કારણે શહેરીજનો ઘણી ખરી મુશ્કેલીઓથી પસાર થઈ રહ્યા છે. લોકડાઉન બાદ એકબીજાને મળવાથી લઈને નાના મોટા શુભ પ્રસંગો પણ યોજાઈ રહ્યા છે. હવે આમ તો સરકાર દ્વારા સૌ પહેલા ૨૫ માણસની મંજૂરી આપવામાં આવી હતી કે જે કોઈપણ પ્રસંગમાં હાજર રહી શકે ત્યારબાદ અલગ ડિસીઝ મુજબ જેમ જેમ આગળ વધતો ગયો તેમ તેમ આ સંખ્યામાં સરકાર દ્વારા વધારો કરવામાં આવ્યો અને હવે ૫૦ થી ૧૦૦ માણસો એક પ્રસંગ હાજરી આપી શકે છે તેવા નિયમ મુજબ શહેરીજનો તેમના ઘરના કોઈપણ નાના મોટા પ્રસંગનું આયોજન કરી રહ્યા છે. જેમાં ખાસ બર્થ ડે પાર્ટી, બેબી શાવર, ગોળધાણા કે સગાઈ સાથે નાની મોટી હાઉસી પાર્ટી પણ ઘરે ઘરે લિમિટેડ સંખ્યામાં યોજાઈ રહી છે. દરેકને એવું લાગી રહ્યું છે કે ઘરના આવશે તો સંક્રમણ ફેલાવવાની બીક નહી રહે પરંતુ આ ઓછી સંખ્યામાં પણ કોરોનાનો ફેલાવો વધી રહ્યો છે એટલે કે વિવિધ પ્રસંગે યોજાતી નાની પાર્ટીઓમાં હાજર રહેલા મહેમાનો ક્યાંથી આવ્યા છે અને કોને મળ્યા હશે તેવી પ્રસંગ યોજનારને જાણ હોતી જ નથી તમને સંપૂર્ણ વિશ્વાસ હોય છે કે ઘર ઘર ના આવવાના છે. તો તેઓ સંક્રમિત તો નહીં જ હોય પરંતુ આ ધારણા હાલ ખોટી પડી રહી છે. નગરમાં યોજાતા બેબી શાવર, બર્થડે પાર્ટી અને ગોળ ધાણાના પ્રસંગોમાં ઉપસ્થિત રહેલ સૌથી ઓછા વ્યક્તિઓની હાજરીમાં પણ પૂરું સંક્રમણ વધવાની સંભાવના રહેલી છે.

સંક્રમણ એકબીજા સાથે દૂરથી વાત કરવાથી નહીં પરંતુ સંપર્ક કે સ્પર્શથી વધે છે તેમ ડોક્ટરો જણાવી રહ્યા છે, ત્યારે યોજાતી નાની-નાની ઉજવણીમાં સમૂહ જમણવાર માસ્ક ના પહેરવું, સોશિયલ ડીસટન્સિંગનું પાલન ન કરવું સાથે અનેક બેદરકારીને કારણે શહેરમાં કોરોનાનું સંક્રમણ હાલ વધી રહ્યું છે. આ બાબતે ધ્યાન આપવામાં નહીં આવે તો દિવસે ને દિવસે કોરોનાના કેસ આ કારણોસર વધતા જ રહેશે.






કોબા ગામે ગ્રામજનો દ્વારા પૂજ્ય ગાંધીજી બાપુના જન્મ જયંતિ નિમિત્તે "અલખનો ઓટલો" ગ્રામજનો દ્વારા વધારાની વસ્તુઓ બીજાને મદદરૂપ થવાના આશયથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આપણી પાસે વધારાની ચીજવસ્તુઓ આપવાથી વધારો થાય છે તો માસ્ક સેનેટાઈઝ, ચંપલ, સાડી, કપડા 'દેરીફ નારાયણ સેવા' "વસુદેવ કુટુંબ" ભાવના ચરિતાર્થ કરવા કોબા ગ્રામજનો દ્વારા પ્રેરણારૂપ સુંદર કાર્ય કરેલ છે. યોગેશ નાયી પૂર્વ સરપંચ તથા ગ્રામજનો સાથ સહકારથી બીજાને મદદરૂપ થવા માટે આ 'અલખનો ઓટલો' બનાવેલ છે.

## રોટરી ક્લબ ઓફ કેપિટલનો ગાંધીવંદના કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર તા. ૦૧

ગાંધીનગરની રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા મહાત્મા ગાંધીજીની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે સેક્ટર ૨૫ ખાતે શ્રી વેદ ઈન્ટરનેશનલ શાળામાં ગાંધી વંદનાનો કાર્યકમ યોજવામાં આવ્યો હતો જેમાં ગાંધી મિત્ર વર્તુળના સથાપક ભાનુપ્રસાદ પુરાણીએ અહિંસાના પુજારી મહાત્મા ગાંધીજીના જીવનના પ્રસંગોની વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે, ગાંધી એક વિચારધારા છે, ગાંધીજીનો અહિંસાના મંત્રના અમલ દ્વારા જ વિશ્વ શાંતિ સ્થાપવાનો માર્ગ મળે છે.

કાર્યકમના પ્રારંભમાં ક્લબના પ્રમુખ ઈલાબહેન વૉરાએ સહુને આવકાર્યા હતા. સચિવ હસમુખ મેકવાન દ્વારા સૂર શબ્દના તાલે ગાંધીવંદનામાં ×ગાંધી બાપુ ને વંદન અમારા×ની સુંદર રજૂઆત કરવામાં આવી હતી. સંસ્થાની અખબારી યાદીમાં જણાવ્યું છે કે કલબના પ્રમુખ ઈલાબહેન વૉરા અને પ્રોજેક્ટ ચેરમેન યુવરાજસિંહ વાઘેલા દ્વારા મુખ્ય વકતા ભાનુપ્રસાદ પુરાણી અને શાળાના આચાર્ય બાબુભાઈ પટેલ અને ડી.બી. પટેલનુ સ્મૃતિ ચિન્હથી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના સ્થાપક પ્રમુખ જગતભાઈ કારાણી, પૂર્વ પ્રમુખો અમીબેન શાહ, યુવરાજસિંહ વાઘેલા, યશવંત જોષી, પાસ્ટ સેક્રેટરી પાર્થ ઠક્કર, અભેરાજ ચૌધરી, સહમંત્રી મીતા બહેન ઉપાધ્યાય, અશ્વિન ભાઈ શર્મા, ગૌરાંગભાઈ રાવલ, લાભુબહેન ઓઝા તેમજ શાળા પરિવારના આચાર્યો અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતાં.

સરકારની કોવિડ-૧૯ની ગાઈડ લાઈનને ધ્યાનમાં રાખી ફેસ માસ્ક, સેનેટાઈઝર તેમજ સોશીયલ ડિસ્ટન્સ ફરજીયાત રાખવામાં આવ્યુ હતુ.

## ચિરવિદાય

- સ્વ. ગંતાણી રાવજીભાઈ રામચંદ્ર-૫૪, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. મેનાબેન રણછોડભાઈ નાયી-૭૮, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. નટવરભાઈ ચતુરભાઈ પટેલ-૬૫, ઘોડાસર, અમદાવાદ
- સ્વ. પાનેમેગલોર શ્રીનિવાસ સિનોય-૭૫, સેક્ટર-૮, ગાંધીનગર
- સ્વ. હાડા તેજુબા સેતાનસિંહ-૭૪, સેક્ટર-૨૪, ગાંધીનગર
- સ્વ. માલજીભાઈ દેવકરણભાઈ રબારી-૬૯, આદીવાડા, ગાંધીનગર
- સ્વ. કૈલાસબેન બાબુભાઈ પટેલ-૫૭, નભોઈ, તા. ગાંધીનગર
- સ્વ. જશીબેન મોતીભાઈ હરિજન-૭૨, સેક્ટર-૧૩, ગાંધીનગર
- સ્વ. પટેલ શર્મિષ્ઠાબેન રમેશભાઈ-૭૩, મણીનગર, અમદાવાદ
- સ્વ. વિઠ્ઠલભાઈ રેવાભાઈ પટેલ-૭૯, શાહીબાગ, અમદાવાદ
- સ્વ. વાઘેલા મુકેશસિંહ રતનસિંહ-૨૭, લીમ્બોદ્રા, તા. માણસા
- સ્વ. હસમુખ ઉજમશી મહેતા-૭૪, ગાંધીધામ, જી. કચ્છ